કરોડો વર્ષ પછી પણ માનવજાતિને ડહાપણની દાઢ ફૂટી જ નથી!

ફાયરવોલ

રાજ ગોસ્વામી

એક વર્ષ પહેલાં સમાચાર આવ્યાં હતાં કે દેશ-દુનિયાની સેલિબ્રિટી વ્યક્તિઓએ ચંદ્ર પર પ્લોટ ખરીદ્યા છે. ડેનિસ હોપ નામના અમેરિકાના એક કાર સેલ્સમેને લ્યુનાર એમ્બેસી સ્થાપીને દાવો કર્યો હતો કે ચંદ્ર તેની માલિકીનો છે. અલબત્ત, આ છેતરપિંડી હતી.

સૃષ્ટિની માલિકી કોની? સૂરજ મારા બાપ-દાદાનો નથી. ચંદ્ર અને મંગળ નાસાનાં નામે લખાયા નથી. દરિયા પર મારા દોસ્તનો અધિકાર નથી. ઓક્સિજનનું વસિયત બન્યું નથી. વાસ્તવિક રીતે જોવા જઈએ તો આપણામાંથી કોઈ આ પૃથ્વી પરની જમીનના માલિક નથી.

અબજો વર્ષોથી અજરામર આ પૃથ્વી પર, આંખનો એક પલકારો ગણાય તેવાં 80-90 વર્ષ માટે માંડ જીવતો કાળા માથાનો નશ્વર માનવી, સૃષ્ટિના કોઈ હિસ્સા પર માલિકીનો દાવો કરે એ કેટલું હાસ્યાસ્પદ કહેવાય! આપણા પગ નીચે જે કાંકરા છે અને આપણા ઘરના પાયામાં જે માટી છે તે આપણી માલિકીની નથી. વાસ્તવમાં, સૃષ્ટિ આપણી માલિક છે. જેમ એક પથ્થર સૃષ્ટિનો હિસ્સો છે, તેમ માણસ પણ સૃષ્ટિનો 'ગુલામ' છે.

સૃષ્ટિ માટે એક પથ્થર અને એક માણસ બંને સરખા છે પરંતુ કાળક્રમે વિકસિત મગજના બળે આપણે 'ભાડાના ઘર'માં માલિક બની બેઠા છીએ એટલું જ નહીં, કાલિદાસની જેમ, જે ઝાડની ડાળી પર બેઠાં છીએ તેને જ કાપી રહ્યા છીએ.

તાજેતરમાં, 'હોમો સેપિયન્સ' પુસ્તકની ગ્રાફિક નોવેલના પ્રમોશન માટે મુંબઈ આવેલા ઈઝરાયેલી લેખક-ઈતિહાસકાર યુવલ નોઆ હરારીને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું હતું કે "સેપિયન્સ એટલે ડાહ્યો. તમને લાગે છે કે માણસો આજે ડાહ્યા છે?" તેના જવાબમાં હરારીએ કહ્યું હતું;

"વ્યક્તિગત સ્તરે આપણામાં ડહાપણ અને કરુણાની જબરદસ્ત ક્ષમતા છે પણ પ્રજાતિની દૃષ્ટિએ આપણે સ્ટુપિડ છીએ. પર્યાવરણનાં સ્તરે આપણે આપણા અને અન્ય પ્રાણીઓ-વનસ્પતિઓનાં જીવનને તબાહ કરી રહ્યા છીએ. રશિયા-યુક્રેન અને અમેરિકા-ચીન વચ્ચેનો તનાવ આપણને વિશ્વ યુદ્ધ તરફ લઈ જશે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ અને બાયોએન્જિનિયરિંગ જેવી નવી ટેકનોલોજીઓ કલ્યાણકારી કામોમાં જ ઉપયોગમાં લેવાય તે માટે વૈશ્વિક સહકાર અને નિયંત્રણ અનિવાર્ય છે પરંતુ આપણે એ માટે સંગઠિત થઈએ એટલું ડહાપણ આપણામાં છે નહીં. રમતોની દુનિયામાં વર્લ્ડ કપ યોજવા માટે જુઓ દેશો વચ્ચે કેવો સહકાર સધાય છે! બધાની રાષ્ટ્રીય વફાદારીઓ અલગ છે પણ રમત માટેના નિયમોમાં બધા સંમત થાય છે. કંઈક એવો જ સહકાર જળવાયુ પરિવર્તન કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ માટે ન સાધી શકાય?"

નથી સાધી શકાતો, એ હકીકત છે. ન્યુક્લિયર હથિયારો ભેગાં કરવાની ગાંડી દોડને કે પછી યુદ્ધનાં મેદાનો પર મનફાવે તે રીતે મલ્લકુસ્તીઓને રોકવા માટે એનપીટી (નોન-પ્રોલિફરેશન ઓફ ન્યુક્લિયર વેપન્સ ટ્રીટી) કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ જેવાં વૈશ્વિક સંગઠનો ઊભાં કરવામાં આવ્યાં હતાં પણ એમાં અમેરિકા જેવા તાકાતવર દેશો કે ઈરાન, નોર્થ કોરિયા, ક્યૂબા જેવા 'આવારા' દેશો વૈશ્વિક સહમતિની ઐસીતૈસી કરીને તેમનાં બાવડાં ફુલાવતા રહ્યા છે. એનું મૂળ કારણ, ઉપર વાત કરી તેમ, માલિકીપણાની વૃત્તિ છે.

દુનિયામાં જેટલાં પણ આંતરરાષ્ટ્રીય વેરઝેર છે તે સાર્વજનિક સંશાધનોની માલિકીને લઈને છે. માનવજાતિનો ઈતિહાસ તપાસો (જેવી રીતે હરારીએ 'હોમો સેપિયન્સ'માં તપાસ્યો છે) તો ખબર પડે કે આપણે જ્યારે હજુ પારણામાં હતાં ત્યારે સૃષ્ટિનાં સમગ્ર સંસાધનો સૌનાં માટે ઉપલબ્ધ હતાં. જીવ-જંતુ અને પ્રાગૈતિહાસિક હોમો સેપિયન્સ બધા તેનો સહિયારો ઉપયોગ કરતાં હતાં. તે વખતે માલિકીની કોઈ ભાવના નહોતી. માણસનો વિકાસ થયો ત્યારે તેણે તેની વિશિષ્ઠ હિંસાનો ઉપયોગ કરીને સંશાધનો પર એકાધિકાર સ્થાપવાનો શરૂ કર્યો.

માણસ આફ્રિકાનાં જંગલોમાંથી નીકળીને દુનિયાભરમાં ફેલાઈ ગયો તેની પાછળ નિતનવાં સંસાધનો શોધીને તેનાં પર માલિકી સ્થાપવાનો જ ઉદ્દેશ્ય હતો. એ સિલસિલો આજે પણ ચાલુ જ છે. આજે પૃથ્વી પર જમીનનો એક ટુકડો એવો નથી, એક ઝાડ એવું નથી જેનાં પર કોઈનો અધિકાર ન હોય. બધા ઝઘડા એ અધિકારને લઈને જ છે.

બાકી હોય તેમ માણસે ચંદ્ર અને મંગળ પર નજર બગાડી છે. આપણે ત્યાં શું કામ અબજો ડૉલરોનો ખર્ચ કરીને સ્પેસ રિસર્ચ કરી રહ્યા છીએ? કારણ કે પૃથ્વી પર આપણા દા'ડા ભરાઈ ગયા છે અને આપણે વૈકલ્પિક ઘરની તલાશ કરવી પડશે. ભૌતિકશાસ્ત્રી સ્ટિફન હોકિંગે અનુમાન કર્યું છે કે આપણે જળવાયુ અને ટેકનોલોજીનાં ક્ષેત્રે એવાં 'પાપ' કર્યાં છે કે જીવ બચાવવો હશે તો 600 વર્ષ સુધીમાં પૃથ્વી છોડવી પડશે.

ધારો કે જે દેશ સૌથી પહેલાં અંતરિક્ષમાં પાણી શોધશે અને જીવનની સંભાવનાને સાબિત કરશે, તે શું ત્યાં આશ્રમ ખોલીને બીજા દેશોને આમંત્રણ આપશે? ના, એ સૌથી પહેલાં તેનો રૂમાલ મૂકીને 'આ જગ્યા મારી' એવું સાબિત કરશે. ધારો કે એ 'રૂમાલ' કોઈકે ખસેડી નાખ્યો તો? તો પછી જેવું પૃથ્વી પર થાય છે તેવું મંગળ પર શરૂ થશે; મારામારી, કાપાકાપી અને બોમ્બધડાકા.

વ્યક્તિગત સ્તરે આપણે અને તમે ભલે સંતોષી જીવન જીવતા હોઈએ પરંતુ સામૂહિક સ્તરે મનુષ્યજાતિ અત્યંત લાલચી અને હિંસક છે. જેમ એક માણસ પાસે બહુ સત્તા આવી જાય અને તે અહંકારી બંનેને છાકટો થઈ જાય, તેવી રીતે માનવજાતિ પણ એટલી તાકાતવર બની ગઈ છે કે તેને એવું લાગે છે કે આખી દુનિયા (અને હવે તો બીજા ગ્રહો) તેના એકાધિકારમાં આવે છે.

માણસ આફ્રિકાનાં જંગલોમાંથી નીકળીને દુનિયાભરમાં ફેલાઈ ગયો તેની પાછળ નિતનવાં સંસાધનો શોધીને તેના પર માલિકી સ્થાપવાનો જ ઉદ્દેશ્ય હતો. એ સિલસિલો આજે પણ ચાલુ જ છે. આજે પૃથ્વી પર જમીનનો એક ટુકડો એવો નથી, એક ઝાડ એવું નથી જેના પર કોઈનો અધિકાર ન હોય. બધા ઝઘડા એ અધિકારને લઈને જ છે. બાકી હોય તેમ માણસે ચંદ્ર અને મંગળ પર નજર બગાડી છે

આપણે બીજા પ્રાણીઓની સરખામણીમાં એક સફળ અને સક્ષમ પ્રજાતિ તરીકે શરૂઆત કરી હતી અને એમાં આપણે આજે તાકાતવર બનીને અનેક પ્રકારની સીમાઓમાં બંધાઈ ગયા છીએ, જ્યાં એકબીજા સાથે સ્પર્ધા કરવા સિવાય બીજો કોઈ સહકાર રહ્યો નથી. આજે દરેક દેશ તેનાં સંકુચિત હિતોને આગળ વધારવા કે પછી તેનું રક્ષણ કરવા માટે જાતભાતનાં પેંતરા કરે છે અને એમાં અસલામતી, ઈર્ષ્યા અને અન્યાયની ભાવના મજબૂત થતી ગઈ છે જે માણસને વધુ મહત્ત્વાકાંક્ષી અને હિંસક બનાવી રહી છે. એમાં જરાય આશ્ચર્ય નથી કે પારસ્પરિક શ્રદ્ધા અને સહકારના તમામ આંતરરાષ્ટ્રીય પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે. એનું તાજું ઉદાહરણ કોરોનાની મહામારી છે. એમાં વૈશ્વિક સહકારની ગેરહાજરી ઊડીને આંખે વળગે તેવી હતી.

પેલા ઈન્ટરવ્યૂમાં હરારી કહે છે, "માનવજાતિ પાસે આજે એટલી તાકાત આવી ગઈ છે કે તેણે એ માનવાનો પણ ઇનકાર કરવા માંડ્યો છે કે બાકી બધા જીવોની જેમ તે સૃષ્ટિની ઈકોસિસ્ટમનો એક હિસ્સો છે (માણસ પોતાને પ્રકૃતિથી અલગ અને ઉપર માને છે). જોખમ એ છે કે જ્યારે ઈકોસિસ્ટમ ફસડાઈ પડશે ત્યારે આપણો પણ ખાત્મો બોલાઈ જશે પણ આપણે જાણે અજરામર છીએ એવા ભ્રમમાં એ જોખમની ઉપેક્ષા કરી રહ્યા છીએ."

"મુસીબત એ છે કે આ બધાં પરિવર્તન એટલાં સૂક્ષ્મ અને ધીમાં હોય છે કે આપણી નજરમાં પણ નથી આવતાં. હું જ્યારે નાનો હતો ત્યારે કરોળિયાથી ડરતો હતો પણ મોટરકારની બીક કોઈને નહોતી. આ વિચિત્ર ન કહેવાય? કારણ કે કરોળિયો ભાગ્યે જ કોઈનો જીવ લે છે પણ કારથી દર વર્ષે લાખો લોકો મરી જાય છે. વાસ્તવમાં, કાર હજુ સો વર્ષ જૂની જ છે એટલે આપણામાં તેનો ડર પેદા થયો નથી. આપણે તાત્કાલિક જોખમને પારખવામાં પાવરધા છીએ પણ લાંબા ગાળાના નુકસાનને જોઈ શકવા સક્ષમ નથી."

દેશદ્રોહી વરસાદ

બોલ્યું-ચાલ્યું માફ

ઉર્વીશ કોઠારી

જૂના રાજમાં કેટલીક વસ્તુઓ બાળપણથી જ એવી ખોટી શીખવવામાં આવતી હતી કે એ ભણેલું બાળક મોટું થયા પછી દેશનું આદર્શ નાગરિક ન બની શકે. જેમ કે, વરસાદનો મહિમા અને વરસાદ વિશેના નિબંધો. વિદ્યાર્થી અવસ્થાથી જ વરસાદ કેટલો ઉપકારક છે અને વરસાદ પડવાથી ધરતી કેવી લીલી ચાદર ઓઢી લે છે ને દેડકા કેવા ડ્રાંઉ ડ્રાંઉ બોલે છે ને નદીઓ કેવી છલકાઈ ઉઠે છે–આવું બધું માથે મારવામાં આવતું હતું. તેમાં દેશનું શું ભલું થાય, એવો સવાલ કોઈ પૂછતું ન હતું. પરિણામે, આવું શીખેલાં બાળકો મોટાં થાય ત્યારે મૂંઝાયઃ કેમ કે, વરસાદની મોસમમાં ગામના રસ્તા પર ખાડા પડે, રસ્તા ધોવાઈ જાય, ઠેર ઠેર પાણી ભરાઈ જાય, રસ્તા પર ટ્રાફિક જામ થતાં લોકો અટવાઈ પડે–આવી બધી વરસાદની દુષ્ટતાઓથી તે અજાણ હોય. એટલે તે સીધા વરસાદને બદલે સરકારનો વાંક કાઢવા બેસી જાય. વર્ષ 2014 પછી સરકારનો વાંક કાઢવો એ દેશદ્રોહ છે અને કોઈ પણ મુદ્દે સરકારનો વાંક હોઈ શકે નહીં–આટલી સાદી વાત જૂના કુસંસ્કારોને લીધે લોકોના મનમાં ઘૂસતી નથી.

કોઈ પ્રકૃતિપ્રેમી દલીલ કરશે કે આ બધું થાય તેમાં વરસાદનો શો વાંક? પુલો ને રસ્તા તો વગર વરસાદે પણ તૂટી પડે છે, જાહેર સુવિધાઓ વગર વરસાદે પણ ખોટકાઈ જાય છે...આવી દલીલોથી ભોળવાઈ જવું નહીં અને યાદ રાખવું કે સરકાર ઈચ્છે તે સિવાયનું કંઈ પણ વિચારવું એ પણ દેશદ્રોહનો જ એક પ્રકાર છે. વિચારવું કદાચ થોડો હળવો ગુનો હોઈ શકે પણ કોઈને વિચારવા માટે પ્રેરવા, એ દુષ્પ્રેરણાનો સૌથી ખરાબ પ્રકાર છે એટલે આ બંને ગુનાથી બચીને, સરકારમાન્ય સારા નાગરિક બનવું.

વરસાદનો વાંક કેમ નહીં? સો વાર વાંક. સાહેબલોકો કેટલા મોટાં મોટાં વિકાસનાં કામો કરીને અને તેના દ્વારા તેમની અને તેમની ટોળકીની સમૃદ્ધિમાં કેટલો અધધ વધારો કરીને દેશને આગળ લઈ જવાનો પ્રયાસ કરે છે. જરૂર પડ્યે આખા દેશના વિધાનસભ્યો અને સંસદસભ્યોને ખરીદી શકાય એટલું ભંડોળ એકઠું કરવા માટે નાનાંમોટાં વિકાસકાર્યો પૂરાં ન પડે. તેના માટે સતત દેશમાં ઝંડીઓ બતાવતા રહેવું પડે, ઉદ્ઘાટનો કરતાં રહેવું પડે, રોડ શો કરવા પડે, દિવસમાં દસ-પંદર વાર કપડાં બદલવાં પડે અને પચીસ-પચાસ એન્ગલથી ફોટા પડાવવા પડે. આટલી તનતોડ મહેનત દિવસના અઢાર-વીસ કલાક કોઈ કરતું હોય તો તેની સામે તૂટેલા રોડ ને તૂટેલા પુલ ને ભરાયેલાં પાણી જેવા ફાલતુ મુદ્દાની ફરિયાદ કરવી એ દેશદ્રોહની હદનું નગુણાપણું નથી?

માણસોને એવા નગુણાપણા માટેનું નિમિત્ત વરસાદ પૂરું પાડે છે એટલે વરસાદને મથાળામાં દેશદ્રોહી કહ્યો છે. હવેના સમયમાં કોઈને દેશદ્રોહી ઠરાવ્યા પછી, તે દેશદ્રોહી નથી તે સામેવાળાએ સાબિત કરવાનું રહે છે પરંતુ વરસાદ તરફથી હજુ સુધી એવો એક પણ પુરાવો, સોગંદનામા ઉપર કે તે વિના પણ આપવામાં આવ્યો નથી. આથી, ખાતરીપૂર્વક કહી શકાય કે વરસાદ દેશદ્રોહી છે, એટલું જ નહીં, તે પોતે પણ જાહેરમાં નહીં તો મનોમન, એવું કબૂલતો લાગે છે. આ વાંચીને જૂના જમાનાના સંવેદનશીલ લોકોને થશે કે વરસાદ વિશે જરા વધારે પડતું આકરું લખી નાખ્યું.

પણ ના, વરસાદની દયા ખાવાની બિલકુલ જરૂર નથી. કુદરતી ન્યાયની કે લોકશાહીની કે બંધારણીય મૂલ્યોની કે સાદા વિનયવિવેકની દયા ખાવી દેશદ્રોહ-સમકક્ષ હોય, ત્યાં વરસાદ વળી શું લાવ્યો?

આ સરકારમાં જે પ્રકારની મૌલિકતા ધરાવતા મંત્રીઓ અને બીજા લોકો છે, તે જોતાં હજુ સુધી કોઈએ એવો આરોપ કેમ નહીં કર્યો હોય કે 'વરસાદ એ વિરોધ પક્ષોનું કાવતરું છે?'

ખરેખર તો, 'પાકિસ્તાનનું કાવતરું' એ શબ્દપ્રયોગ વધારે રોમાંચક લાગે છે પણ હમણાંથી એ બહુ ચલણમાં નથી અને દેશમાં થતી કોઈ પણ ખરાબ બાબત માટે વિરોધ પક્ષોની જવાબદારી ગણતા અને તેમને સવાલો પૂછતા મહાતટસ્થ લોકોનો એક સમૂહ ફૂલ્યોફાલ્યો છે એટલે વરસાદના અને તેમાં લોકોને પડતી હાલાકીના ગુનેગાર તરીકે વિપક્ષોને દોષી ગણવા-ગણાવવામાં જ ઔચિત્ય છે.

વરસાદ વિશેના આરોપો સરકાર પ્રત્યેના દ્વેષથી પ્રેરિત છે, એ સાવ સહેલાઈથી સાબિત કરી શકાય. હજુ સુધી ક્યારેય સરકારના કોઈ મંત્રી, ખાસ અધિકારી કે હોદ્દેદાર તરફથી ફરિયાદ સાંભળી કે આ વરસાદમાં આપણી માળખાકીય સુવિધાઓની ખાનાખરાબી થઈ ગઈ છે? એ લોકો પણ આ જ રસ્તા પર ફરે છે છતાં તેમને કોઈ ફરિયાદ નથી. તેનો અર્થ એ થયો કે તેમની દેશભક્તિ સાબૂત છે અને વરસાદ તેમને દેશદ્રોહ આચરવા માટે ઉશ્કેરી શક્યો નથી. તેમણે વરસાદની અને વિપક્ષોની ચાલબાજીને ઊંધી પાડીને સરકારના જયજયકારનો વાવટો ફરકતો રાખ્યો છે.

યાદ રાખવું કે સરકાર ઇચ્છે તે સિવાયનું કંઈ પણ વિચારવું એ પણ દેશદ્રોહનો જ એક પ્રકાર છે. વિચારવું કદાચ થોડો હળવો ગુનો હોઈ શકે પણ કોઈને વિચારવા માટે પ્રેરવા, એ દુષ્પ્રેરણાનો સૌથી ખરાબ પ્રકાર છે એટલે આ બંને ગુનાથી બચીને, સરકારમાન્ય સારા નાગરિક બનવું

આટલું વાંચ્યા પછી કોઈને સવાલ થાય કે વરસાદ આવો વિલન છે, તો હજુ સુધી તેની ધરપકડ શા માટે થઈ નથી? બાકી, આ સરકાર તો ઈચ્છે તેની, ઈચ્છે તેવા નકલી પુરાવા ઊભા કરીને, ઈચ્છે તે આરોપસર ધરપકડ કરી શકે છે અને તેને જામીન ન મળે તેવી જ નહીં, તેની જામીનઅરજીની સુનાવણી સુદ્ધાં ન થાય તેવી વ્યવસ્થા પણ કરી શકે છે.

પછી સવાલ પૂછનારને વિચાર આવી શકે છે કે, વરસાદની ભલે ધરપકડ ન થઈ હોય, તેના જેવા બીજા દેશદ્રોહીઓની તો સરકાર અને તેનાં વાજિંત્રો ખબર લઈ જ રહ્યાં છે. આવશે, કદીક વરસાદનો પણ વારો આવશે.

ઈશિતાનું અલકમલક

દાના દુશ્મનથી પણ બદતર એવો વૈરી

વેર- બે અક્ષરનો આ શબ્દ કાને પડતા જ ઉચાટ અને ઉત્કંઠા જગાડે. કોઈ પર વેર લેવાની વાત જ મનમાં કાયદા વિરુદ્ધ કોઈ કામ થઈ રહ્યું છે, એ વાતની ચિંતા પ્રેરે અને વેર કઈ રીતે લેવાશે એ વાતની જિજ્ઞાસા પણ જાગે. પોતાના દુશ્મનને અવાક કરવા અણધાર્યું જ વેર વાળવામાં આવે છે, જેમ 'પહેલો ઘા રાણાનો!' જો કે વેર બેધારી તલવાર જેવું છે. જરીક ગફલત રહી જાય તો શિકારી ખુદ અહીં શિકાર થઈ શકે! આમ તો વેર વાળવાની વાતમાં વિફરેલી વામા કુદરતી રીતે જન્મજાત નિપુણ હોય છે. તેમ છતાં અપવાદરૂપ કિસ્સામાં ક્યારેક પુરુષ પણ મેદાન મારી જાય છે. તાજેતારના જ આ કિસ્સા મમળાવો. થોડા દિવસ પહેલાં જ 'ઈશિતા'એ એની આ કોલમ (10 ઓગસ્ટ-25)માં વંશ-વારસ માટે કોર્ટમાં ચાલતાં એક વિચિત્ર 'યુદ્ધ'ની વાત કરી હતી. લગ્નસંબંધથી છૂટી પડી ગયેલી એક પત્નીએ પતિનાં શુક્રાણુ અને પોતાના અંડાશયથી તૈયાર કરાવેલાં અમુક ભ્રૂણ મુંબઈની એક IVF (કૃત્રિમ ગર્ભાધાન) સેન્ટરમાં ફ્રીઝ કરાવીને રાખ્યાં હતાં. ડિવોર્સ લીધા પછી એ મહિલાને માતા બનવાની ઈચ્છા જાગી એટલે પોતાનાં ભ્રૂણ પેલી એજન્સી પાસેથી પરત માગ્યાં. આમાં પૂર્વ પતિની પરવાનગી જરૂરી હોય છે, જે એના પૂર્વ પતિએ આપવાની ઘસીને ના પાડી દીધી. એટલું જ નહીં, આવી રજા-મંજૂરી માટે એ પૂર્વ પતિએ રોકડા 25 લાખ રૂપિયા માંગ્યા છે! 'પોતા પર વેર વાળવા આવી તોતિંગ રકમ માંગીને સ્ત્રી તરીકેના પોતાના મા બનવાના અધિકાર પર એનો પૂર્વ પતિ તરાપ મારી રહ્યો છે' એવા સનસનાટીભર્યા આક્ષેપ સાથે પેલી મહિલા હવે કોર્ટે ચઢી છે! આવા જ ભૂતપૂર્વ પતિની 'વેર વસૂલાત'નો આ બીજો એકદમ તાજો કિસ્સો પણ જાણો. વાત થોડી ફ્લેશ બેકથી જાણવી પડશે. વાત ન્યૂયોર્કના એક જાણીતા ડોક્ટરની પત્ની-પ્રેમની છે. થોડાં વર્ષ અગાઉ ડો.રિચર્ડ બેટિસ્ટાની પત્નીની કિડની ફેલ થઈ ગઈ. અનેક ઉપચાર, સારવાર પછી પણ એની પત્નીની તબિયત એવી લથડી કે એને ઉગારવા માટે અન્ય કિડનીનું પ્રત્યારોપણ કરવું પડે એવી કટોકટી સર્જાઈ. નવી કિડની માટે ડોનર શોધ્યા, કોઈની કિડની મેચ નહોતી થતી. આખરે ડોક્ટર પતિની જ કિડની કામે લાગી. પછી તો પત્ની સાવ સાજીસમી થઈ ગઈ. સમય વીતતો ગયો ને ન જાણે કેમ ડોક્ટર પતિ અને એની પત્નીના સંબંધમાં સાંધી ન શકાય એવી ઊભી તિરાડ પડી. દિન, પ્રતિદિન એ યુગલના સંબંધમાં કડવાશ વધતી ગઈ. અંતે પત્નીએ ડિવોર્સ માટે કેસ ફાઈલ કર્યો. એ વખતે ડોક્ટરે છૂટાછેડા માટે હા પાડી પણ એક શરતે કે 'વર્ષો પૂર્વે મેં ડોનેટ કરેલી મારી કિડની પરત કરો તો ડિવોર્સ આપું!'લોકો તો ઠીક, ખુદ કોર્ટ પણ ચકિત થઈ ગઈઃ આવી તે શરત હોય? આમ તો એક વાર કોઈ અંગનું સ્વૈચ્છિક દાન કર્યા પછી એ પરત માંગી ન શકાય એ કાયદા હેઠળ કોર્ટે ડોક્ટર રિચર્ડની 'કિડની પાછી આપવાની' માંગણી ફગાવી દીધી છે એટલે હવે ડોક્ટરે નવી ડિમાન્ડ મૂકી છેઃ 'છૂટાછેડાના વળતર બદલ 1.5 મિલિયન ડોલર (આશરે 13.15 કરોડ રૂપિયા!) રોકડા ગણી આપો!' હાલમાં એક તરફ કેસની સુનાવણી ચાલે છે તો બીજી તરફ, સોશ્યલ મીડિયા પર જબરી ચર્ચા ચાલી રહી છેઃ 'પ્રેમ ભંગ-ડિવોર્સના વેરની આવી તો જબરી કિંમત કેટલી વ્યાજબી?' આમ તો એક પુરુષે લીધેલા વેરની આ વાત છે પણ વામાએ લીધેલાં જાતભાતનાં વેરના જગતભરના એવા એવા કિસ્સા 'ઈશિતા' પાસે છે કે વેર વસૂલાતની શાબ્દિક સીરિયલ, સીરિઝ કે સિક્વલ પણ બની શકે પણ એની વાત ફરી ક્યારેક નિરાંતે!



એક ડૉક્ટરના વેરનાં વળામણાં

200 વર્ષથી ઉકેલ વગરનો વિવાદ!

વાત હોય ત્યાં વેર પણ હોય ને વિવાદ પણ હોય. અમુક અપવાદ સિવાય વેરના ઉકેલ તો મોટા ભાગે જલ્દી પતી જતા હોય છે. વિવાદનું એવું નથી. ચાલે તો એટલો લાંબો ચાલે કે વિવાદનું મૂળ કારણ પણ કેટલીક વાર વિસરાય જાય. આનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે આપણી વિભિન્ન કોર્ટમાં અત્યારે પડતર પડી રહેલાં 6 કરોડથી વધુ અદાલતી કેસ! કોર્ટ બહાર આવો જ વણસી ગયેલો એક એવો વિવાદ છે, જેનો આજે 200 વર્ષે પણ ઉકેલ આવ્યો નથી! વાત છે જેરુસલેમના એક વિખ્યાત ચર્ચની. અહીંથી થોડા અંતરે ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો એટલે ખ્રિસ્તી-યહૂદી સંપ્રદાયના આસ્થાળુઓ માટે આ પ્રાચીન શહેર અને એનું આ ચર્ચ એક અત્યંત પવિત્ર સ્થળ ગણાય છે. હવે થયું છે એવું કે આ બન્ને સંપ્રદાયના ઈશુ ભક્તો વચ્ચે અહીં વર્ષોથી નહીં, દસકાઓથી નહીં પણ બે સૈકાથી એક વિવાદ ચાલી રહ્યો છે. વર્ષો પૂર્વે આ ચર્ચની જીર્ણ અને નિસ્તેજ થઈ ગયેલી દીવાલો, ગુંબજ કોણ નવેસરથી રંગ કરાવે એ વાતને લઈને ખ્રિસ્તી-યહૂદી અનુયાયી વચ્ચે જબરી પળોજણ થઈ. ખ્રિસ્તીઓ કહે છેઃ 'ચર્ચ પર અમારો હક્ક અને કબજો છે એટલે ચર્ચને અમે જ રંગરોગાન કરાવશું.' સામે પક્ષે યહૂદીઓ કહે છેઃ 'ના, સૈકાઓ પૂર્વેથી આ ચર્ચ અમારી માલિકીનું છે માટે અમે જ એને રંગ કરાવવાના ખરા હક્કદાર છીએ!' આ વિવાદ આજથી 200 વર્ષ પૂર્વે થયો હતો અને એનો અંતિમ ઉકેલ આજે પણ આવ્યો નથી. આ વિવાદ શરૂ થયો ત્યારે એ દરમિયાન, ચર્ચની એક બારી પાસે ડોમ-ગુંબજને રંગ કરવા માટે એક સીડી ગોઠવી હતી, જે હજુ ત્યાંની ત્યાં જ યથાવત છે! 200 વર્ષથી આ ચર્ચમાં આવતા-જતા આસ્થાળુ અને વિદેશી પર્યટકો પણ બારી પાસે ગોઠવેલી પેલી લાકડાની સીડીના પણ અહોભાવ અને અચરજથી 'દર્શન' કરી જાય છે!



ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» હમણાં આપણે જેરુસલેમના વિવાદાસ્પદ ચર્ચની વાત જાણી. પ્રભુ-ઈશ્વર-ભગવાન-અલ્લાહ-ગોડ ઈત્યાદિ ઈત્યાદિને પૂજવા, ભજવા માટે કોઈ બાંધકામ કે રંગરોગાનની જરૂર નથી. જસ્ટ, તમારા ખુદના હૃદયમાં ઝાંખી કરી લો એટલે ભગવાન હાજરાહજૂર! આમ છતાં, કાળા માથના માનવીએ જાતભાતનાં મંદિર, મસ્જિદ, ચર્ચ બનાવ્યાં છે. એમાંનાં અમુક ચર્ચ સ્થાપત્ય બાંધકામની દ્રષ્ટિએ પણ જોવાલાયક છે, જેમ કે...

- 1924માં 41 લાખ ડોલરના ખર્ચે બાંધવામાં આવેલું શિકાગોનું મેથોલિસ્ટ ટેમ્પલ 568 ફૂટ જગતનું સૌથી ઊંચું ચર્ચ છે...
- બીજા નંબરે છે મેક્સિકોનું 551 ફૂટ ઊંચું ચર્ચ...
- ત્રીજા નંબરે છે 528 ફૂટ ઊંચું જર્મનીનું ઉલ્મા કેથેડ્રલ...

આ બધાને જોઈને આપણને થાય : ઓહ ગોડ, તમે આટલે બધે ઊંચે વસો છો?!

* ઈશિતાની એલચી *

લગ્ન એક એવો સંબંધ છે, જેમાં એક વ્યક્તિ હંમેશાં સાચી હોય છે ને બીજી વ્યક્તિ પતિ હોય છે!